લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તકેદારી સમિતિ, અન્નપુર્ણા યોજના અને વિલેજ ગ્રેઈન બેંક યોજનાઓમાં પારદર્શિતા લાવવા બાબત...

અન્ન અને નાગરિક પુરવઠા નિયામકની કચેરી,
બ્લોક નં.૧૩, ૩જો માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
ક્રમાંક:પીડીએસ/સઘન/યજન/સૂચના/૨૭૪૭/૨૦૧૨
તારીખ:૫/૧૦/૨૦૧૨

**પરિપત્ર** :–

૧.૦ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ હસ્તક જાહેર વિતરણ વ્યવસ્થાનું સંપુર્ણપણે કોમ્પ્યુટરાઈઝેશન કરવાની કામગીરી વર્ષ ૨૦૧૦થી શરુ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ બારકોડેડ રેશનકાર્ડ તેમજ બાયોમેટ્રીક આધારિત ફુડ કુપન યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

૨.૧ જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ સુદઢ બનાવવા માટે દરેક વાજબી ભાવની દુકાનના વિસ્તાર દીઠ રેશનકાર્ડ ધારકોની યાદી તૈયાર કરી પારદર્શિતા પોર્ટલ (dcs-dof.gujarat.gov.in/live-info.htm) ઉપર મુકવામાં આવેલ છે. PDS કંટ્રોલ એકટ–૨૦૦૧ હેઠળ જાહેર વિતરણ વ્યવસ્થા હસ્તક વાજબી ભાવની દુકાનના વિસ્તાર દીઠ ગ્રામ્ય/શહેરી તકેદારી સમિતિની નિમણૂંક કરવાની જોગવાઈ થયેલ છે. અને તદ્દનુસાર ગુજરાત રાજ્યમાં દરેક વાજબી ભાવની દુકાનના વિસ્તાર દીઠ આવી તકેદારી સમિતિની રચના પણ થયેલ છે.

૨.૨ એવી જ રીતે કેટલાંક ડુંગરાળ/ દુર્ગમ / અછતગ્રસ્ત વાળા વિસ્તારોમાં ૪૦ ગરીબ કુટુંબોના જુથની રચના કરી વિલેજ ગ્રેઈન બેંક યોજના હેઠળ તેઓને ૪૦ કવી. અનાજ લોન ઉપર આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

૨.૩ ગરીબ કુટુંબોના ૬૫ વર્ષથી વધુ ઉંમરના સભ્યો માટે કે જેઓ નિરાધાર વૃધ્ધ યોજના હેઠળ પેન્શન મેળવતા નથી, તેમના માટે અન્નપુર્ણા યોજના અમલમાં મુકવામાં

આવેલ છે. આવી ગરીબ વૃધ્ધ વ્યકિતઓને માસિક ૧૦ કીલો અનાજ (ઘંઉ કે ચોખા) વિના મુલ્યે આપવામાં આવે છે.

૩.૦ જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ઉપરોકત યોજનાઓ સાથે સંકળાયેલ વ્યકિતઓની માહિતી પણ કોમ્પ્યુટરાઈઝેશન પ્રોજેકટના ભાગ બને અને જાહેર વિતરણ વ્યવસ્થા સમગ્ર રીતે વધુ પારદર્શી બને તે માટે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવા સૂચના આપવામાં આવે છે.

૩.૧ <u>ગ્રામ્ય/શહેરી તકેદારી સમિતિ</u> :-

ગ્રામ્ય/શહેરી તકેદારી સમિતિની રચના કરવાની બાકી હોય અથવા અગાઉ રચના કરવામાં આવી હોય અને બે વર્ષ પુર્ણ થયેલ હોય તેવી તકેદારી સમિતિઓની તાત્કાલિક રચના કરવી અને વાજબી ભાવની દુકાન સાથે જોડાયેલ કાર્ડધારકો પૈકી જે કાર્ડ ધારકો આવી ગ્રામ્ય/શહેરી તકેદારી સમિતિના સભ્યો છે તેઓની મોબાઈલ ફોન નંબર સહિતની વિગતો સબંધિત તાલુકા મામલતદાર/ ઝોનલ અધિકારીએ pds.gujarat.gov.in પોર્ટલમાં additional information moduleમાં ઉમેરવી.

૩.૨ <u>વિલેજ ગ્રેઈન બેંક</u> :-

આ યોજનાનો હેતુ અન્ન સલામતી (Food Security) વધારવાનો છે. હાલની સ્થિતિએ જિલ્લાવાર વિલેજ ગ્રેઈન બેંકોની સંખ્યાની માહિતી ઉપલબ્ધ છે. પરંતુ કયા ગામ/તાલુકામાં કેટલી છે તેની કોઈ માહિતી ઉપલબ્ધ નથી. જેથી વિલેજ ગ્રેઈન બેંકોની કામગીરીની સમિક્ષા કે દેખરેખ યોગ્ય રીતે થઈ શકતી નથી. આ યોજના અતિ જરુરીઆત મંદ કુટુંબોને લોન પેટે અનાજ ઉપલબ્ધ કરાવી ભુખમરાથી બચાવવા માટે ખુબ જ ઉપયોગી છે. અને તમામ ગ્રેઈન બેંકો કાર્યાન્વિત રહે તે ખુબ જ આવશ્યક છે. તેથી વ્યાજબી ભાવની દુકાન વિસ્તાર દીઠ વિલેજ ગ્રેઈન બેંક યોજના હેઠળના દરેક જુથના લાભાર્થીઓની રેશનકાર્ડ નંબર સહિતની વિગતો pds.gujarat.gov.in પોર્ટલમાં additional information moduleમાં સબંધિત તાલુકા મામલતદાર/ ઝોનલ અધિકારીએ ઉમેરવી.